**માહિતીનો અધિકાર અધિનિયમ, ૨૦૦૫**
**ગુજરાત માહિતી આયોગ, ગાંધીનગરની કચેરી માટે મહેકમ મંજૂર કરવા બાબત.**

ગુજરાત સરકાર,
સામાન્ય વહીવટ વિભાગ,
ઠરાવ ક્રમાંક: વહસ–૧૦૦૫–૨૨૪૧–આરટીઆઈ સેલ–ભાગ–૧,
સચિવાલય, ગાંધીનગર
તારીખ:– 13 AUG 2009

***વંચાણમાં લીધા:–***

(૧) સામાન્ય વહીવટ વિભાગનો તા.૦૫–૧૦–૨૦૦૫નો ઠરાવ ક્રમાંક: વહસ–૧૦૦૫–૨૨૪૧–આર.ટી.આઈ. સેલ.
(૨) સામાન્ય વહીવટ વિભાગનો તા.૨૪–૧૧–૨૦૦૫નો ઠરાવ ક્રમાંક: વહસ–૧૦૦૫–૨૨૪૧–આર.ટી.આઈ. સેલ.
(૩) ગુજરાત માહિતી આયોગ, ગાંધીનગરનો તા.૨૧–૧૨–૨૦૦૬નો પત્ર ક્રમાંક: GIC-ADM-SEC-NO.565-06-07.
(૪) સામાન્ય વહીવટ વિભાગનો તા.૨૭–૦૯–૨૦૦૭નો સમાનાંકી ઠરાવ.
(૫) ગુજરાત માહિતી આયોગ, ગાંધીનગરનો તા.૧૦–૧૧–૦૭નો પત્ર ક્રમાંક: જીઆઈસી–એડીએમ–૦૭૫૨–૦૬–૦૭.
(૬) માહિતી અને પ્રસારણ વિભાગનો તા.૨૯–૦૭–૨૦૦૮નો પત્ર ક્રમાંક: ઈનફ–૧૦–૨૦૦૮–૬૫૩–બ.

**સુધારા ઠરાવ :**

ઉપર વંચાણમાં લીધેલ ક્રમાંક–(૪) સામેના સામાન્ય વહીવટ વિભાગના તા.૨૭–૦૯–૦૭ના સમાનાંકી ઠરાવથી ગુજરાત માહિતી આયોગ, ગાંધીનગરની કચેરી માટે જુદા જુદા સંવર્ગની વધારાની કુલ–૩૫ નવી જગ્યાઓ તેની સામે દર્શાવેલ ભરતી પધ્ધતિ મુજબ ભરવાની શરતે મંજૂર કરવામાં આવેલ. આ સમાનાંકી ઠરાવના ક્રમ–(૬)માં દર્શાવ્યા મુજબ જાહેર સંપર્ક અધિકારીની રૂા.૬૫૦૦–૧૦૫૦૦/– ના પગાર ધોરણવાળી કુલ–૧ (એક) જગ્યા પ્રતિનિયુકિતથી ભરવાની શરતે મંજૂરી આપવામાં આવેલ.

૨. ઉપર વંચાણમાં લીધેલ ક્રમાંક–(૧) સામેના સામાન્ય વહીવટ વિભાગના તા.૦૫–૧૦–૨૦૦૫ના ઠરાવથી પટાવાળાની કુલ–૩ (ત્રણ) જગ્યાઓ પ્રાઈવેટ એજન્સી પાસેથી (LIKE IN CASE OF G.S.F.S.) ભરવાની શરતે તથા ઉપર વંચાણમાં લીધેલ ક્રમાંક–(૪) સામેના સામાન્ય વહીવટ વિભાગના તા.૨૭–૦૯–૨૦૦૭ના ઠરાવથી પટાવાળાની કુલ–૪ (ચાર) જગ્યાઓ સામાન્ય વહીવટ વિભાગના તા.૩૦–૧૧–૦૬નો ઠરાવ ક્રમાંક: મકમ–૨૦૦૪–૨૫૩૯–ખ.૩ ધ્યાને લઈ, આ જગ્યાની કામગીરી રૂા.૧૫૦૦/–થી વધે નહી તે રીતે આઉટસોર્સીંગથી કરાવવાની શરતે ગુજરાત માહિતી આયોગ, ગાંધીનગરની કચેરી માટે મંજૂર કરવામાં આવેલ.

૩. ગુજરાત માહિતી આયોગ, ગાંધીનગરની કચેરી માટે ઉપર દર્શાવ્યા મુજબ મંજૂર કરવામાં આવેલ જાહેર સંપર્ક અધિકારીની કુલ-૧ (એક) જગ્યા તથા પટાવાળાની કુલ-૭ (સાત) જગ્યાઓ ભરવાની પધ્ધતિમાં આથી નીચે મુજબનો સુધારો કરવામાં આવે છે.

| સંવર્ગનું નામ | પગાર ધોરણ | મંજૂર થયેલ જગ્યાની સંખ્યા | જગ્યા ભરવાની પધ્ધતિ |
|---|---|---|---|
| ૧. | ૨. | ૩. | ૪. |
| જાહેર સંપર્ક અધિકારી | રૂા.૬૫૦૦-૧૦૫૦૦ | ૧ | પ્રતિનિયુકિતથી<br>અથવા<br>વર્ગ-૨ કક્ષાના નિવૃત્ત અધિકારી અથવા નિવૃત્ત સેકશન અધિકારીને પે માઈનસ પેન્શનની ફોર્મ્યુલા મુજબ કરાર આધારિત નિમણૂક. |
| પટાવાળા | રૂા.૧૫૦૦/- ફીકસ મહેનતાણુ. | ૭ | ૧૧ માસના કરાર આધારિત ધોરણે. |

૪. આ ઠરાવ આ વિભાગની સરખા ક્રમાંકની ફાઈલ ઉપર સચિવશ્રી (ખર્ચ), નાણા વિભાગની તા.૨૧-૦૭-૦૯ની નોંધ અને ફા.નં.વહસ-૨૦૦૭-૪૫૬૭૩૫ -આરટીઆઈ સેલ ૫૨ સચિવશ્રી (ખર્ચ), નાણા વિભાગની તા.૨૧-૦૭-૦૯ની નોંધથી મળેલ મંજૂરી અન્વયે બહાર પાડવામાં આવે છે.

ગુજરાતના રાજયપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

(સી.એસ. ઉપાધ્યાય)
સરકારના નાયબ સચિવ,
સામાન્ય વહીવટ વિભાગ

પ્રતિ,
- ➢ માનનીય રાજયપાલશ્રીના અગ્રસચિવશ્રી, રાજભવન, ગાંધીનગર.
- માનનીય મુખ્યમંત્રીશ્રીના અગ્રસચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર.
- માનનીય વિરોધપક્ષના નેતાશ્રી, ગુજરાત વિધાનસભા સચિવાલય, ગાંધીનગર.
- માન.મંત્રીશ્રી, મહેસુલ, માર્ગ અને મકાન, પાટનગર યોજના તથા મહિલા અને બાળ કલ્યાણ, સચિવાલય, ગાંધીનગર.
- સર્વે માન.મંત્રીશ્રીઓ / રાજય કક્ષાના મંત્રીશ્રીઓના અંગત સચિવશ્રીઓ, સચિવાલય, ગાંધીનગર.
- મુખ્ય સચિવશ્રીના ઉપસચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર.
- અધિક મુખ્ય સચિવશ્રી (ક.ગ.), સામાન્ય વહીવટ વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
- સચિવશ્રી (વસુતાપ્ર), સામાન્ય વહીવટ વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
- સચિવશ્રી, ગુજરાત માહિતી આયોગ, સેકટર-૧૮, ગાંધીનગર.
- સચિવાલયના તમામ વહીવટી વિભાગો, સચિવાલય, ગાંધીનગર.
- પગાર અને હિસાબી અધિકારીશ્રી, ગાંધીનગર.
- એકાઉન્ટન્ટ જનરલશ્રી, ગુજરાત રાજય, અમદાવાદ / રાજકોટ.
- નાણા વિભાગ, ક-શાખા, સચિવાલય, ગાંધીનગર.
- સામાન્ય વહીવટ વિભાગ, ગ.૨, ખ.૧ અને ખ.૩ શાખાઓ.
- સામાન્ય વહીવટ વિભાગના સર્વે અધિકારીશ્રીઓ / શાખાઓ.
- માહિતી અને પ્રસારણ વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
- નાયબ સેકશન અધિકારી સિલેટક ફાઈલ – શાખા સિલેકટ ફાઈલ

---

➢ પત્ર દ્વારા